ચેલેન્જર
સાપ્તાહિક
તંત્રી : પ્રતાપભાઈ કે.ગોહિલ
• વર્ષ - ૨૩ • અંક - ૫૧ • તા .૦૮-૧૦-૨૦૧૮ • સોમવાર • પાના – ૪ • કિંમત રૂા. ૧:૦૦/- • પ્રકાશન સ્થળ :- સુવિધા શોપીંગ સેન્ટર, ભૈરવપરા, પેલેસ રોડ, પાલીતાણા, જી. ભાવનગર.
• R.N.I. REG. NO. GUJGUJ/71315/1995 • Reg No. BVR-232/2018-20 * Renewed up to 31 Dec. 2020 (ફોન નં. ૦૨૮૪૮-૨૫૧૯૩૩), મો.૯૪૨૮૧૨૧૯૩૩

### પરપ્રાંતિય લોકોમાં વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાના તમામ પગલા

# પરપ્રાંતિયો પર હુમલા સંદર્ભે કડક પગલા

## રાજ્યના પોલીસ વડાએ પરપ્રાંતિયો પર હુમલા સંદર્ભે પુરતી માહિતી આપી એસઆરપીની અમદાવાદમાં ચાર સહિતની કુલ ૧૭ કંપનીઓ તૈનાત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૭

ગુજરાતના હિંમતનગરમાં માસુમ બાળકી પર રેપ બાદ થઈ રહેલી હિંસાની ઘટનાઓને રોકવા માટે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ કહ્યું હતું કે, હજુ સુધી હિંસાના મામલામાં કુલ ૩૪૨ લોકોની અટકાયત કરવામાં આવી છે. સાથે સાથે પોલીસ જવાનોની સંખ્યા પણ વધારવામાં આવી રહી છે. સાવચેતીના પગલારુપે રાજ્યભરમાં પરપ્રાંતિય લોકોમાં વિશ્વાસ સ્થાપિત કરવા પોલીસ કર્મીઓની રજા હાલપુરતી રદ કરવામાં આવી રહી છે. સુરક્ષા દળોની ૧૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી રહી છે. માસુમ બાળકી ઉપર રેપની ઘટના બાદ ઉત્તર ભારતીયો અને ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને બિહારના લોકોને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. હુમલા કરનાર લોકોમાં મોટાભાગના લોકો ઠાકોર સમાજના હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી બાજુ શિવાનંદ ઝાએ કહ્યું છે કે, અમદાવાદ શહેરમાં પણ હુમલાની એકબે ઘટના બની છે. અમદાવાદ ગ્રામ્ય ત્રણ લોકો સામે ફરિયાદ દાખલ કરાઈ છે. ઝાએ કહ્યું હતું કે, ઉત્તર ગુજરાતના બે જિલ્લા મહેસાણા અને સાબરકાંઠામાં સ્થિતિ હવે સંપૂર્ણ કાબૂમાં છે. ૪૨ ગુના હજુ સુધી દાખલ કરાયા છે. અન્યોની ધરપકડનો દોર જારી છે. પોલીસ તંત્ર દ્વારા એક એકશન પ્લાન બનાવાયો છે, જેમાં એસપી કક્ષાના સુધીના અધિકારીઓ હાજર રહ્યા હતા. સાથે જ અસરગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારી દેવાયું છે. પરપ્રાંતિયો પર રાજ્યમાં થઈ રહેલા હુમલાની ઘટનાઓને પગલે અમદાવાદમાં પણ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અમદાવાદની નજીકમાં ચાંગોદર જીઆઈડીસી અને સાણંદ મુખ્ય ઔદ્યોગિક મથકો છે. આથી, પોલીસે સાણંદ અને ચાંગોદર જીઆઈડીસીમાં એસઆરપીની ટુકડીઓ અને પોલીસની કુમક ઉતારવામાં આવી છે. અમદાવાદમાં પણ કેટલીક જગ્યાએ પરપ્રાંતિયો પર હુમલાની ઘટના જોવા મળી છે. જેમાં શનિવારે સાંજે ચાંગોદરમાં ફેક્ટરીનું કન્સ્ટ્રક્શન કરતાં ત્રણ પરપ્રાંતીય પર અને રાંચરડા ફાર્મ હાઉસ ખાતે સિક્યુરિટી તરીકે ફરજ બજાવતા પરપ્રાંતીય પર હુમલો કરવામાં આવ્યો હતો. હિમ્મતનગરમાં ૧૪ માસની બાળકી પર દુષ્કર્મની ઘટના અંગે સોમવારે ગુજરાત બંધ હોવાનાં મેસેજ વાયરલ થયા હતાં. જોકે, ગુજરાત બંધનું એલાન કોઈ પણ રાજકીય પક્ષ કે કોઈ પણ સંસ્થા દ્વારા આપવામાં ન આવ્યું હોવાની વાત જાણવા મળી છે. સોશિયલ મીડિયા પર ફરી રહેલા મેસેજ ખોટા હોવાનું ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. પરપ્રાંતીયો પર થઈ રહેલા હુમલાઓની ઘટનાને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં તમામ પોલીસ કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. શહેર તેમજ શહેરની બહારના ભાગમાં આવેલા ઔદ્યોગિક વિસ્તારો, પરપ્રાંતિયોની વસાહતોમાં સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. શહેરમાં વિવિધ વિસ્તારોમાં એસઆરપીનાં જવાનોની ત્રણ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. પોલીસ તંત્રને એલર્ટ રહેવા સુચના

## ગીરના સિંહનું સ્થળાંતર કરવા રૂપાણીએ કરેલો સ્પષ્ટ ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૭

ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોના મોતને લઈને હચમચી ઉઠેલી સરકાર દ્વારા સાવચેતીના તમામ પગલા હવે ઝડપથી લેવામાં આવી રહ્યા છે. સાવચેતીરુપે અધિકારીઓને પણ દોડતા કરવામાં આવ્યા છે. સિંહોને સારવાર આપવા માટેની પ્રક્રિયા પણ યુદ્ધના ધોરણે શરૂ થઈ ચુકી છે. આજે સિંહોને વેક્સિન આપવાનો દોર સતત બીજા દિવસે યથાવતરીતે જારી રહ્યો હતો. ગીરમાં વિવિધ બીમારીથી ૨૩ સિંહોનાં મૃત્યુ સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે જૂનાગઢ જિલ્લાના બિલખામાં પ્રચાર માધ્યમો સમક્ષ જણાવ્યું હતું કે, ગીર અને આસપાસના વિસ્તારમાં વસતા સિંહમાં બીમારી અંગે ઉચ્ચકક્ષાના નિષ્ણાતોની મદદથી સર્વેક્ષણ અને સિંહના લોહીના નમૂના લેવાની કામગીરી ચાલી રહી છે, તેમાં તમામ રિપોર્ટ નેગેટિવ હોવાથી ચિંતાનો કોઈ વિષય નથી. ભવિષ્યમાં સિંહની બીમારી અંગે ઝડપથી નિદાન અને સારવાર પ્રક્રિયા થાય તે માટે તમામ સ્તરનું વ્યવસ્થાપન ગોઠવાઈ રહ્યું છે. ગુજરાતમાં સિંહ સલામત છે અને તેનું સ્થળાંતર નહીં થાય. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાત સરકાર સિંહના રક્ષણ માટે કટીબદ્ધ છે. સિંહની ચિંતા કરીને તાબડતોબ અમેરિકાથી વેક્સિન પણ મંગાવવામાં આવી છે. વન વિભાગના અધિકારીઓ, તબીબો અને ભારત સરકારના સંકલનમાં રહીને તમામ સ્તરની કામગીરી થઈ રહી છે. ગીરમાં સિંહના સ્વાસ્થ્યને લઈને પરિસ્થિતિ નિયંત્રણમાં છે. બીજી બાજુ સિંહોના તબક્કાવારરીતે વેક્સિનાઈઝેશનની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. વન્ય અને પર્યાવરણ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી રાજીવ ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે, ૩૬ સિંહોના ટેસ્ટના સંદર્ભમાં વાઈરલ ઈન્ફેક્શન અને સીડીવીને લઈને એનઆઈવી રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. પ્રથમ ડોઝ આપવામાં આવ્યા બાદ વેક્સિન બુસ્ટર ડોઝ આપવાની પ્રક્રિયા શરૂ થશે. ત્રણ સપ્તાહ બાદ આ પ્રક્રિયા ફરી શરૂ થશે.

### સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૦૦૦થી ઉપર

# સ્વાઈન ફલુનો આંતક હજુ જારી : ઘણા સારવાર હેઠળ

### સ્વાઈન ફલુથી વધુ ત્રણના મોત : અનેક નવા કેસો સપાટી ઉપર આવ્યા : જાન્યુઆરી બાદ મોતનો આંકડો ૪૧ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૭

સ્વાઈન ફલુના કારણે નવા નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. આજે વધુ ત્રણ લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, આને લઈને વધુ માહિતી મળી શકી નથી. રાજ્યમાં ૩૬૬થી વધુ દર્દીઓ સારવાર હેઠળ છે અને અનેક નવા કેસો પણ નોંધાયા છે. અમદાવાદની વાત કરવામાં આવે તો શહેરની હોસ્પિટલોમાં સ્વાઈન ફલુના ઓક્ટોબર મહિનામાં જ અનેક નવા કેસો નોંધાઈ ચુક્યા છે. આ કેસોની સંખ્યા પહેલી સપ્ટેમ્બરથી લઈને હજુ સુધી ૪૧૩થી પણ ઉપર પહોંચી ચુકી છે. જ્યારે ગુજરાતમાં સ્વાઈન ફલુના કારણે મોતનો આંકડો સપ્ટેમ્બર બાદ ૩૦ ઉપર પહોંચ્યો છે જ્યારે આ વર્ષે હજુ સુધી ૪૧ના મોત થઈ ચુક્યા છે. અમદાવાદ શહેરમાં મોત થવા માટેના કારણોમાં પુરતી સુવિધાનો પણ અભાવ દેખાઈ રહ્યો છે. પહેલી સપ્ટેમ્બર બાદથી રાજ્યમાં સ્વાઈન ફલુના ૧૦૨૬થી પણ વધુ કેસો નોંધાઈ ચુક્યા છે. સ્વાઈન ફલુના આંકડાઓને લઈને વિરોધાભાષી અહેવાલ આવી રહ્યા છે. આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ગુજરાત સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વાઈન ફલુના જુદા જુદા આંકડા આપવામાં આવી રહ્યા છે જેથી મિડિયામાં પણ સ્વાઈન ફલુના કેસોના આંકડા જુદા જુદા નોંધાઈ રહ્યા છે. વડોદરા, સુરતની સાથે સાથે અમદાવાદ શહેરમાં પણ સ્વાઈન ફલુના અનેક કેસો નોંધાઈ ચુક્યા છે. રાજ્યભરમાં સેંકડો કેસો નોંધાયા છે અને મોટી સંખ્યામાં હાલ લોકો સારવાર હેઠળ છે. જુદા જુદા વિસ્તારોમાં સ્વાઈન ફલુને રોકવા માટે બનતા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કેસોની સંખ્યા ચિંતાજનકરીતે વધી રહી છે. જરૂરી દવાનો જથ્થો પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. અમદાવાદ શહેરમાં આ વર્ષે સ્વાઈન ફલુનો આતંક જોરદાર રીતે જારી રહ્યો છે.એકલા સપ્ટેમ્બરમાં સૌથી વધુ ૧૮ લોકોના મોત થઈ ગયા હતા. સ્વાઈન ફલુના કારણે જે મોત થયા હતા તે પૈકી બે તૃતિયાશ મોત આ સપ્ટેમ્બર મહિનામાં થયા હતા. જ્યારે જે કેસો નોંધાયા છે તે પૈકી ૮૪ ટકા કેસો પણ સપ્ટેમ્બર મહિનામાં નોંધાયા હતા. સેંકડોની સંખ્યામાં લોકો હજુ સારવાર હેઠળ છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૮થી લઈને ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૮ વચ્ચેના ગાળામાં ૪૧ મોત થયા હતા. ત્યારબાદ ઓક્ટોબર મહિનામાં પણ સ્વાઈન ફલુનો આતંક જારી રહ્યો છે. અમદાવાદમાં પણ સ્વાઈન ફલુની સારવા માટે ખાસ વ્યવસ્થા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી છે. આ ઉપરાંત પણ ગુજરાતમાં જુદી જુદી સરકારી હોસ્પિટલમાં સાવચેતીના તમામ પગલા લેવામા આવી રહ્યા છે.

### પ્રથમ ડોઝ બાદ વેક્સિન બુસ્ટર

# સિંહો પર વિવિધ ટેસ્ટના રિપોર્ટનો હજુ ઈંતજાર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા. ૭

ગીર વિસ્તારમાં સિંહના એક પછી એક મોત થયા બાદ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે. ૩૬ સિંહની તબિયતના સંદર્ભમાં જુદા જુદા રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. આ ૩૬ સિંહના સીડીવી અને અન્ય વાઈરલ ઈન્ફેક્શન ટેસ્ટ અંગે રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. પ્રથમ ડોઝ આપવામાં આવ્યા બાદ વેક્સિન બુસ્ટર ડોઝ ફરી નિયમિત સમયગાળામાં જરૂર મુજબ આપવામાં આવશે. જો એનઆઈવી રિપોર્ટ નેગેટિવ આવશે તો વન્ય વિસ્તારમાં આ સિંહને છોડી મુકવા માટે કેસ ટુ કેસના આધાર પર વિચારણા કરાશે.

# દેશના વિકાસમાં ઉત્તરાખંડની ભૂમિકા મોટી છે : નરેન્દ્ર મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
દહેરાદૂન, તા. ૭

દહેરાદૂનમાં ઈન્વેસ્ટર્સ સમિટમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે, આજે ઉત્તરાખંડમાં તમામ ઔદ્યોગિક સમુહના લોકો એકત્રિત થઈ રહ્યા છે. દેશ પરિવર્તનના એક મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. દેશમાં પરિવર્તનને લઈને અભૂતપૂર્વ શક્યતા રહેલી છે. આવનાર સમયમાં અનેક મોટા કામો થવા જઈ રહ્યા છે. દુનિયાની તમામ મોટી સંસ્થાઓ માની રહી છે કે, ભવિષ્યમાં ૮૦ કરોડ યુવાઓ ધરાવનાર ભારત દુનિયાની પ્રગતિ માટે એક ગ્રોથ એન્જિન તરીકે સાબિત થશે. નવા ભારતના વિકાસમાં ઉત્તરાખંડની પણ મોટી ભૂમિકા છે. આજનું ઉત્તરાખંડ યુવા અને ઉર્જાથી ભરેલુ છે. અહીં વિકાસની વ્યાપક તકો રહેલી છે. ૧૩ નવા પ્રવાસ સ્થળોના વિકાસની પહેલ કરવામાં આવી ચુકી છે. દેશમાં એવિએશન સેક્ટરના વિકાસ માટે આશરે ૧૦૦ નવા એરપોર્ટ અને હેલિપેડ બનાવવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. ઈન્વેસ્ટર્સ સમિટ બે દિવસ સુધી ચાલનાર છે. ગૃહમંત્રી રાજનાથ સિંહ આવતીકાલે ૮ ઓક્ટોબરે સમાપન સત્રની અધ્યક્ષતા કરશે. ઉત્તરાખંડમાં અલગ છાપ ઉભી કરી રહ્યું છે. તે સ્પિરિચ્યુઅલ ઈકો ઝોન છે જે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનથી વધારે છે. મોદીએ કહ્યું હતું કે, જ્યારે હું મુખ્યમંત્રી હતો ત્યારે ગુજરાતને સાઉથ કોરિયા જેવું બનાવવા માંગતો હતો. કેમકે બંનેની જનસંખ્યા સમાન છે, બંને સમુદ્રી તટ પર છે. વિશ્વના અનેક દેશો કરતાં આપણાં રાજ્યોની તાકાત વધુ છે. મેક ઈન ઈન્ડિયા માત્ર ભારત માટે જ નથી, સમગ્ર વિશ્વ માટે છે. ભારતમાં ચારેબાજુ પરિવર્તનનો સમય છે. ફુડ પ્રોસેસિંગના મામલે પણ આજે ભારત વિશ્વમાં પહેલાં નંબરે છે. ઉત્તરાખંડમાં રોકાણકારોને સરકારી ઓફિસોના ચક્કર ન મારવા પડે તે માટે એક પોર્ટલ પણ ચાલી રહ્યું છે. આયુષ્માન ભારત યોજના અંતર્ગત ૫૦ કરોડ નાગરિકોને હેલ્થ વીમો મળી રહ્યો છે. અમેરિકા, કેનેડાની કુલ જનસંખ્યાથી વધુ લોકોને ફાયદો મળી રહ્યો છે. રોજગાર માટે લાખો તક ઊભી થઈ છે. રેલવે લાઈનના કામમાં બે ગણી સ્પીડથી કામ થઈ રહ્યું છે. સરકાર ૪૦૦ રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવા જઈ રહી છે.

### આજના ઉત્તરાખંડમાં યુવા-ઉર્જા ભરેલી છે : રોકાણકારોને કોઈ તકલીફ નહીં પડે તેવું વાતાવરણ : વડાપ્રધાન મોદી



દર વર્ષની જેમ જ આ વર્ષે પણ નવરાત્રિમાં ટેટૂનો ક્રેઝ યુવતીઓમાં વિશેષ જોવા મળી રહ્યો છ

### એક સાથે અનેક અર્થી ઉઠતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા

# ઉત્તરાખંડ દુર્ઘટના : મૃતકોના પરિવારને પાંચ લાખ મળશે

### અંતિમ યાત્રામાં મુખ્યમંત્રીના પત્નિ અંજલિબેન ઉપસ્થિત રહ્યા : રૂપાણી પોતે મૃતકોના સ્વજનોને પ્રત્યક્ષરીતે મળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ,તા.૭

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉત્તરકાશીમાં બસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા રાજકોટના કમનસીબ યાત્રીઓના વારસદારોને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. વિજય રૂપાણીએ આજે રાજકોટમાં આ મૃતકોના સ્વજનોને પ્રત્યક્ષ મળીને સાંત્વના પાઠવી હતી અને તેમના દુઃખમાં સહભાગી થયા હતા. ઉત્તરકાશીમાં ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહને લાવવામાં આવ્યા બાદ તેમના પરિવારમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. આજે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા ત્યારે લોકો ભાવનાશીલ બન્યા હતા. એક સાથે અનેક અર્થી ઉઠતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટથી ચારધામની યાત્રાએ નીકળેલા યાત્રિકોની બસ શુક્રવારે સાંજે ગંગોત્રી દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની મિનિબસ ઉત્તરાખંડના ભીરવાડીથી ૧૦ કિ.મી.દૂર ૬૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. ગોઝારા અકસ્માતમાં રાજકોટના ૮ વ્યક્તિ સહિત ૧૦નાં મોત નિપજ્યા હતા. ગઈકાલે એરફોર્સના વિમાન દ્વારા મૃતદેહોને રાજકોટ લવાયા હતા. જેમાં ગઈકાલે એક વ્યક્તિને અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે આજે એકી સાથે ૭ અર્થી ઉઠતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. અંતિમયાત્રામાં સીએમના પત્ની અંજલીબેન રૂપાણી સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. શહેરના રામનાથપરા અંતિમધામ ખાતે તમામ મૃતકોના અંતિમ સંસ્કાર કરવાના હોય બધી અંતિમયાત્રા રામનાથપરા પહોંચી હતી. સાંસદ મોહન કુંડારિયા, મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણી અને મેયર બીનાબેન આચાર્ય પણ રામનાથપરા અંતિમધામ ખાતે આવી પહોંચ્યા હતા. તેમજ મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

## તંત્રી સ્થાનેથી......

### માર્કેટ મૂડીમાં તીવ્ર ઘટાડો છતાં ટીસીએસ પ્રથમ ક્રમે

શેરબજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ટોચની ૧૦ કંપનીઓ પૈકીની તમામ કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. છેલ્લા સપ્તાહમાં તેમની માર્કેટ મૂડીમાં સંયુક્તરીતે ૨૫૫૯૯૫ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડીમાં સૌથી વધુ ઘટાડો નોંધાઈ ગયો છે. ઈક્વિટી માર્કેટમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. ટોચની ૧૦ કંપનીઓ પૈકીની આરઆઈએલની માર્કેટ મૂડીમાં ૧૩૨૦૬૧.૪ કરોડ રૂપિયાનો ઘટાડો થતાં તેની માર્કેટ મૂડી ૬૬૫૪૪૧.૧૬ કરોડ થઈ ગઈ છે. બીજી બાજુ ટીસીએસની માર્કેટ મૂડીમાં ૩૧૧૬૪.૬ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ૮૦૫૧૮૭.૬૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ટીસીએસની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હોવા છતાં માર્કેટ મૂડીની દ્રષ્ટિએ તે પ્રથમ ક્રમાંક ઉપર અકબંધ છે. આઈટીસીની માર્કેટ મૂડી પણ આ ગાળા દરમિયાન ૨૩૯૩૨.૯૪ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૩૩૯૨૮૪.૬૭ કરોડ થઈ ગઈ છે. કોટક મહિન્દ્રા અને મારુતિ સુઝુકીની માર્કેટ મૂડી ક્રમશઃ ૧૭૦૯૧.૭૨ કરોડ અને ૧૩૮૨૧.૬૭ કરોડનો ઘટાડો થયો છે. આ બંનેની માર્કેટ મૂડી ઉલ્લેખનીયરીતે નીચે પહોંચી ગઈ છે. એચડીએફસી, હિન્દુસ્તાન યુનિલીવરની માર્કેટ મૂડી પણ ક્રમશઃ ૧૧૬૨૯.૫૧ કરોડ અને ૧૦૪૩૩.૬૧ કરોડ રૂપિયા સુધી ઘટી ગઈ છે.

ટોપ ટેન કંપનીઓની વાત કરવામાં આવે તો ટીસીએસ પ્રમત ક્રમાંક ઉપર અકબંધ છે જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી બીજા ક્રમાંક પર અકબંધ છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા સપ્તાહમાં કારોબારના છેલ્લા દિવસે મુંબઈ સ્ટોક એકસચેંજના ૩૦ શેર સેંસેક્સમાં ૭૯૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ સેંસેક્સ ૨.૨૫ ટકા અથવા તો ૭૯૨ પોઈન્ટ ઘટીનો ૩૪૩૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એકસચેંજમાં નિફ્ટી ૨૮૩ પોઈન્ટ ઘટીને અથવા તો ૨.૬૭ ટકા ઘટીને ૧૦૩૧૬ની સપાટીએ રહ્યો હતો. દલાલ સ્ટ્રીટ જુદા જુદા પરિબળોના કારણે હચમચી ઉઠતા કોર્પોરેટ જગતમાં પણ તેની ચર્ચા જોવા મળી હતી. શુક્રવાર પહેલા ગુરૂવારના દિવસે સેંસેક્સમાં ૮૦૬ પોઈન્ટનો રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. જેથી તેની સપાટી ૩૫૧૬૯ રહી હતી. નિફ્ટી ૨૫૯ પોઈન્ટ ઘટીને ૧૦૫૯૯ની નીચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં બુધવાર અને ગુરુવારના દિવસે મળીને બે દિવસના ગાળામાં ૧૩૫૭ પોઈન્ટનો ઉલ્લેખનીય ઘટાડો થઈ ચુક્યો છે. આજે તેમાં વધુ ૭૯૨ પોઈન્ટનો ઘટાડો થયો હતો. છેલ્લા સપ્તાહમાં ત્રણ દિવસના ગાળામાં જ ૨૧૪૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો. ઈરાન ઉપર અમેરિકાએ પ્રતિબંધ મુક્યા બાદ ક્રૂડની કિંમતના ભાવ ઝડપથી વધી રહ્યા છે.

કમાણીના આંકડા, સીપીઆઈ, આઈઆઈપી ડેટા પર નજર રહેશે

# શેરબજારમાં છ પરિબળોની સીધી અસર રહેશે : કારોબારી સાવધાન

### શુક્રવારના દિવસે સીપીઆઈ ફુગાવા-આઈઆઈપી ડેટા જારી : ડોલર સામે રૂપિયાની ચાલ અને ક્રૂડ જેવા પરિબળની શેરબજાર ઉપર અસર દેખાઈ શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૭



શેરબજારમાં ભારે અફડાતફડીનો દોર છેલ્લા સપ્તાહમાં રહ્યા બાદ અને ૨૧૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો ટૂંકાગાળામાં થયા પછી આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં જુદા જુદા પરિબળોની અસર શેરબજાર ઉપર જોવા મળશે. મુખ્યરીતે છ પરિબળો બજારની દિશા નક્કી કરી શકે છે જેમાં કમાણીના આંકડા, સીપીઆઈ અને આઈઆઈપીના ડેટા, ડોલર સામે રૂપિયાની ચાલ, ક્રૂડ ઓઈલની કિંમતો, બોન્ડ યિલ્ડનો સમાવેશ થાય છે. દેશના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટા (આઈઆઈપી)ના આંકડા જે ઓગસ્ટ મહિના માટેના છે તે શુક્રવારના દિવસે જારી કરવામાં આવનાર છે. ઓગસ્ટ મહિના માટેના આઈઆઈપીના ડેટા અને સપ્ટેમ્બર મહિના માટેના રિટેલ ફુગાવા (સીપીઆઈ)ના આંકડા શુક્રવારે જારી થશે. જુલાઈ મહિનામાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શનનો આંકડો ૬.૬ ટકાનો રહ્યો હતો. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં દેખાવ શાનદાર રહ્યો હતો. કેટલાક નિષ્ણાતો માને છે કે, ઓગસ્ટ મહિનામાં પણ આઈઆઈપીના આંકડા યથાવત રહેશે જ્યારે રિટેલ ફુગાવો ઓગસ્ટ મહિનામાં સીપીઆઈ ફુગાવો ૩.૬૯ ટકા રહ્યો હતો જે ૧૦ મહિનાની નીચી સપાટી છે. અમેરિકા અને ચીન સહિતના દેશોમાં જુદા જુદા આંકડા હાલમાં જારી કરવામાં આવનાર છે. કેટલીક મહાકાય કંપની દ્વારા સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડા જારી કરવામાં આવનાર છે જેમાં ટીસીએસ, હિન્દુસ્તાન યુનિલીવર, બંધન બેંકનો સમાવેશ થાય છે. જુન ત્રિમાસિક ગાળામાં ટીસીએસનો કન્સોલીડેટેડ નફાનો આંકડો ૨૩.૪૬ ટકા વાર્ષિક આધાર પર રહ્યો હતો. એફએમસીજીની મહાકાય કંપની હિન્દુસ્તાન યુનિલીવરનો નેટ નફાનો આંકડો ૩૦મી જૂનના દિવસે પુરા થયેલા ત્રિમાસિક ગાળાના ૧૫૨૯ કરોડનો રહ્યો હતો. ડોલર સામે રૂપિયો છેલ્લા સપ્તાહમાં ૭૪.૨૨ની ઐતિહાસિક નીચી સપાટી ઉપર પહોંચ્યો હતો. શુક્રવારના દિવસે રૂપિયો ૧૯ પૈસા ઘટીને ૭૩.૭૭ની સપાટીએ રહ્યો હતો. આશ્ચર્યજનક પહેલરૂપે આરબીઆઈએ તે દિવસે વ્યાજદર યથાવત રાખ્યો હતો. નિષ્ણાતો માની રહ્યા છે કે, જો ક્રૂડ ઓઈલની કિંમત હાલમાં યથાવત રહેશે તો રૂપિયાની સ્થિતિ સુધરશે નહીં. શુક્રવારના દિવસે ક્રૂડ ઓઈલની કિંમત ચાર સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચી હતી. માર્કેટ ઉપર અસર કરવામાં બોન્ડ યિલ્ડની પણ ભૂમિકા રહેલી છે. અત્રે નોંધનીય છે કે, શેરબજાર શુક્રવારના દિવસે ફરી એકવાર હચમચી ઉઠ્યું હતું. સતત ત્રીજા દિવસે ઘટાડાનો દોર જારી રહ્યો હતો. શુક્રવારના દિવસે પણ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ બજારમાં હાહાકાર મચાવ્યો હતો. મુંબઈ સ્ટોક એક્સચેંજના ૩૦ શેર સેંસેક્સમાં ૭૯૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ સેંસેક્સ ૨.૨૫ ટકા અથવા તો ૭૯૨ પોઈન્ટ ઘટીને ૩૪૩૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટી ૨૮૩ પોઈન્ટ ઘટીને અથવા તો ૨.૬૭ ટકા ઘટીને ૧૦૩૧૬ની સપાટીએ રહ્યો હતો. શેરબજાર શુક્રવારે સતત ત્રીજા દિવસે પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. દલાલ સ્ટ્રીટ જુદા જુદા પરિબળોના કારણે હચમચી ઉઠતા કોર્પોરેટ જગતમાં પણ તેની ચર્ચા જોવા મળી હતી. છેલ્લા ગુરૂવારના દિવસે સેંસેક્સમાં ૮૦૬ પોઈન્ટનો રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. જેથી તેની સપાટી ૩૫૧૬૯ રહી હતી. નિફ્ટી ૨૫૯ પોઈન્ટ ઘટીને ૧૦૫૯૯ની નીચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં બુધવાર અને ગુરુવારના દિવસે મળીને બે દિવસના ગાળામાં ૧૩૫૭ પોઈન્ટનો ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. શુક્રવારે તેમાં વધુ ૭૯૨ પોઈન્ટનો ઘટાડો થયો હતો. ઈરાન ઉપર અમેરિકાએ પ્રતિબંધ મુક્યા બાદ ક્રૂડની કિંમતના ભાવ ઝડપથી વધી રહ્યા છે. બુધવારથી લઈ શુક્રવાર સુધીના ગાળામાં એટલે કે ત્રણ દિવસમાં જ છેલ્લા સપ્તાહમાં સેંસેક્સમાં ૨૧૪૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો.

આયુષ્યમાન ભારતનું નામ યોજનાઓ સાથે જોડાયું

# આયુષ્યમાન : યોજનાનો બીજી વાર લાભ લેવા આધાર જરૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૭

સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલી સામાજિક સુરક્ષા યોજનાઓ માટે આધાર કાર્ડ જરૂરી રહેશે. હવે તેમાં એક નવી ચીજ ઉમેરવામાં આવી રહી છે. હવે તેમાં આયુષ્યમાન ભારત યોજના પણ જોડાઈ ગઈ છે. આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ એક વખતથી વધુવાર લાભ ઉઠાવવા માટે આધાર કાર્ડને ફરજિયાત બનાવી દેવામાં આવ્યું છે. જો કે, પહેલી વખત આ યોજનાનો લાભ લેવા પર અગાઉની જેમ જ આધાર કાર્ડ જરૂરી રહેશે નહીં. એક મોટા અધિકારીએ આ અંગેની માહિતી આપી છે. આયુષ્યમાન ભારત યોજનાને લાગૂ કરનાર નેશનલ હેલ્થ એજન્સીના સીઈઓ ઈન્દુ ભૂષણે કહ્યું છે કે, આ યોજનાનો લાભ બીજી વખત ઉઠાવવા માટે જો કોઈની પાસે આધાર કાર્ડ નથી તો તેને સાબિતી આપવી પડશે કે લાભાર્થીએ આધાર કાર્ડની નોંધણી માટે અરજી કરી દીધી છે. ભૂષણે કહ્યું હતું કે, અમે આધાર ઉપર આપવામાં આવેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં લઈ રહ્યા છે. બીજી વખત આયુષ્યમાન ભારતનો લાભ લેવા માટે આધાર નંબર અથવા તો આધાર માટે અરજીના પુરાવા દસ્તાવેજ તરીકે રજૂ કરવા પડશે. જો કે, પ્રથમ વખત યોજનાનો લાભ પહેલાની જેમ જ મળી શકશે. આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આધાર અથવા કોઈ ઓળખપત્ર જમા કરાવી શકાય છે. અલબત્ત પ્રથમ વખત આ યોજનાનો લાભ લેવા માટે ઓળખપત્ર જમા કરાવવાના રહેશે નહીં. આયુષ્યમાન ભારત નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશનના નામમાં ફેરફાર કરીને આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાને ૨૩મી સપ્ટેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડમાં શરૂ કરી દીધી હતી. સરકારી આંકડા મુજબ હજુ સુધી ઓછામાં ૪૭૦૦૦ લોકો આ યોજનાનો લાભ લઈ ચુક્યા છે. નેશનલ હેલ્થ એજન્સીના ડેપ્યુટી સીઈઓ દિનેશ અરોડાના કહેવા મુજબ ઓછામાં ઓછા ૯૨૦૦૦ લોકોને હજુ સુધી ગોલ્ડ કાર્ડ આપવામાં આવી ચુક્યા છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દેશના ૧૦.૭૪ કરોડ સૌથી ગરીબ પરિવારોને વાર્ષિક ૫ લાખ રૂપિયાની મદદ કરવાનો છે.

# જ્યાં રવિ ન પહોંચે ત્યાં કવિ પહોંચે અને જ્યાં કવિ પણ ના પહોંચે ત્યાં પત્રકાર પહોંચી જાય છે : સાંસદ શ્રી લાલુભાઈ પટેલ










દમણ તા.૦૬-૧૦-૨૦૧૮

કેન્દ્રએ સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ ઈન્ફોતર્મેશન બ્યુચરો, અમદાવાદ દ્વારા જિલ્લાના પત્રકારો માટે 'વાર્તાલાપ' – રૂરલ મીડિયા વર્કશોપનું આજરોજ દમણ ખાતે આયોજન કરવામાં આવ્યુંલ હતું. આ પ્રસંગે દમણના સંસદસભ્ય શ્રી લાલુભાઈ પટેલે પત્રકારો માટેના આ વર્કશોપનું દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવ્યો હતો. તેમણે પોતાના ઉદ્ઘાટન પ્રવચનમાં જણાવ્યું કે દેશના વિકાસમાં પત્રકારોનો સિંહ ફાળો રહ્યો છે. જયારે સરકાર દ્વારા કોઈપણ યોજના અમલમાં મુકવામાં આવે છે, ત્યારે તે યોજના લોકો સુધી પહોંચાડવા મીડિયા એ જ સચોટ માધ્યમ છે. તેમણે પત્રકારની પહોંચ શું છે તે અંગે રમૂજ ટાંકતા કહ્યું કે જ્યાં રવિ ન પહોંચે ત્યાં કવિ પહોંચે અને જ્યાં કવિ પણ ના પહોંચે ત્યાં પત્રકાર પહોંચી જાય છે. પત્રકારનું કામ આપણા સમાજમાં ૧૦૮ જેવું છે. તેમણે દિવસના ૨૪ કલાક સજાગ રહેવું પડે છે. આજના આધુનિક સમયમાં જયારે ગામડાંની જનતાને સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી ઘરે ઘેર સુધી પહોંચાડવા માટે અખબાર એક અવિભાજય અંગ છે. ગ્રામિણ વિસ્તારના પત્રકારો શહેરી વિસ્તારના પત્રકારો સાથે કદમ મિલાવતાં સમાચારોનું સાતત્ય જાળવી રાખે છે, ત્યારે આવા વર્કશોપ પત્રકારો માટે અતિ મહત્વના સાબિત થાય છે.

આ વાર્તાલાપમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત દમણ એડમીનીસ્ટ્રેટરના સલાહકાર શ્રી એસ. એસ. યાદવે પોતના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી વિવિધ કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોચાડવામાં મીડિયાનો મહત્વનો ફાળો રહ્યો છે. વધુમાં માહિતી આપતા જણાવ્યું કે હાલમાં સ્વચ્છતા સર્વેક્ષણ ગ્રામિણ અંગે ૬ એવોર્ડ આપવામાં આવ્યા છે જેમાં ૫ એવોર્ડ દમણને મળ્યા છે. દમણના વહીવટી તંત્ર ઉપરાંત, દમણની જનતા અને જનતા સુધી સ્વચ્છતા અંગેની વાત પહોંચાડવા માટે મીડિયાને આભાર માન્યો હતો.

દમણ ગંગા ટાઈમ્સના તંત્રી શ્રી વિકાસ ઉપાધ્યાયે જણાવ્યુ કે, કોઈપણ મિડીયાકર્મી સમાજથી અળગો નથી રહેતો ત્યારે આપણા સહુની આ બાબતે સામાજિક જવાબદારી વધી જાય છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, કોઈપણ ઘટનાને વાસ્તવિક રૂપે રજુ કરવાથી લોકો ગેરસમજથી દૂર રહે છે. અખબારની સ્વતંત્રતા અંગે તેમણે જણાવ્યુ કે, સ્વતંત્રતા એટલે જવાબદારી થાય છે અને આ જવાબદારી બખૂબી નિભાવવાની આપણા સહુની ફરજ છે. . મિડીયાએ રોજબરોજ બનતી ધટનાઓ અંગે સત્યની ખરાઈ કરીને પોતાના માધ્યમ દ્વારા લોકો સુધી પહોચાડવાની જવાબદારી નિભાવવી જોઈએ.

અમદાવાદ સ્થિત લોક સંપર્ક બ્યૂરોના નિદેશક શ્રી મનીષ ગૌતમે સરકારની વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના 'આયુષ્માન ભારત' અંગે માહિતી આપતા ણાવ્યું કે આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશના છેવાડાના માનવીના સ્વાસ્થ્ય સુધી પહોંચવાનો છે. આ યોજના અંતર્ગત ૧૦ કરોડ પરિવારને આવરી લેવામાં આવ્યા છે. જેમાં એક પરિવાર દીઠ ૫ વ્યક્તિ એટલે કે ૫૦ કરોડ લોકોને આ યોજનાનો લાભ મળવાનો છે. જે પરીવારોની આવક ઓછી હોય કે જેઓ પોતાના સ્વાસ્થ્યનો ખર્ચ ઉપાડી શકતા નથી તેવા ગરીબ પરિવારો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે. આ યોજના અંતર્ગત ૧.૫ લાખ હેલ્થ અને વેલનેશ સેન્ટર ખોલવામાં આવશે. દેશમાં ઘણાં એવા ગરિબ પરિવારો છે, જેઓ માત્ર પોતાની આવક મર્યાદાના કારણે ભયંકર બિમારીથી પીડાય છે અને સારવારના આભાવે મૃત્યુ પામે છે. આ સ્વાસ્થ્ય યોજનાથી દેશમાં દરેક પરિવારનું સ્વાસ્થ્ય તંદુરસ્થ થશે અને પરિણામે બિમારીના કારણે થતાં મૃત્યુ આંકમાં પણ ઘટાડો થશે.

સુરતના જાણિતા ધારાશાસ્ત્રી શ્રીમતી પ્રિતીબેન જોષીએ સામાજીક અને મહિલાઓને લગતા સમાચારોના રિપોટ'ગમાં માધ્યમોની ભૂમિકા વિશે બોલતાં જણાવ્યું હતું કે આ પ્રકારના સમાચારો વિશે પત્રકારોએ વધુ સંવેદનશીલ બનવું જોઈએ. આ પ્રકારના કિસ્સાઓમાં કોઈની પણ ઓળખ છતી ન થાય કે બદનામી ન થાય તેની પૂરતી કાળજી લેવાવી જોઈએ. જેમ ફિલ્મોનો પ્રભાવ હોય છે, તેવી જ રીતે મીડિયાના સમાચારોનો પણ પ્રભાવ સમાજ પર કેવો પડે છે તે જોવું પણ ઘણું મહત્વનું છે. દરેક સમાચારની સમાજમાં શું અસર થશે તેનું પણ તેને ધ્યાન રાખવાનું છે. જે સમૂહને આપણે સમાચાર પહોંચાડવાના છે, તે સમાચાર કેવા પ્રકાર, પ્રદેશ કે ભાષાને સ્પર્શે તે પણ ઘણું ધ્યાન માંગી લે છે. ખાસ કરીને જયારે કોઈ સમાચાર મહિલા સાથે સંબંધિત હોય ત્યારે.

પોષણ અભિયાનના દમણ અને દિવના કન્સલ્ટન્ટ સુશ્રી મોનિકા બારડે પોષણ અભિયાન વિશે માહિતી આપતા જણાવ્યું કે આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોષણ અભિયાનની શરૂઆત ૮ માર્ચ, ૨૦૧૮ના રોજ કરી હતી. જે માત્ર બાળકોના પોષણ સુધી સમિત નથી તેમાં કિશોરીઓ, માતાઓ, ધાત્રી માતાઓ અને નવજાત શિશુનો સમાવેશ થાય છે. બાળક જયારથી જન્મે છે ત્યારથી ૧૦૦૦ દિવસ સુધી તેના પોષણ – આહારનું ધ્યાન રાખવામાં આવે છે. તેમણે જણાવ્યું કે જયારે બાળક અને માતાનું પોષણ યોગ્ય હશે તો માતા અને બાળકનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહેશે અને પરિણામે બાળ મૃત્યુદર તેમજ માતા મૃત્યુદરમાં પણ આપણે સારો એવો ઘટાડો કરી શકીશું. આ પોષણ અભિયાનની જે શરૂઆત આપણા પ્રધાનમંત્રીએ ચાલુ કરી છે તેને દેશના દરેક માનવી સુધી પહોંચાડવા માટે મીડિયાનો સાથ સહકાર મેળવવો ઘણો જ જરૂરી છે. તેમણે મીડિયાને અપીલ કરી હતી કે એક જન આંદોલન દ્વારા આ પોષણ અભિયાનને ચલાવવામાં આવે કે જેથી આપણા પ્રધાનમંત્રીના સ્વસ્થ દેશ તરીકેના સ્વપ્નને સાકાર કરી શકાય.

સૂરતના ગુજરાત મિત્રના સંપાદક શ્રી દિલીપસિંહ ક્ષત્રિયએ સોશિયલ મીડિયાને કારણે પત્રકારત્વમાં આવેલા બદલાવ વિશે જણાવતાં કહ્યું હતું કે અખબાર કે ચેનલ હવે સોશિયલ મીડિયાના આધારે જોવાતું થયું છે. બ્રેકીગ ન્યૂઝનો ઈજારો હવે અખબાર કે ચેનલ પાસે રહ્યો નથી. તેનું સ્થાન હવે સોશિયલ મીડિયાએ લઈ લીધું છે. જો કે સોશિયલ મિડીયાના કારણે અફવાઓનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. તેના પર અંકુશ મેળવવો એ આજનો સૌથી વિકટ પ્રશ્ન છે. સોશિયીલ મીડિયાના કારણે જે સકારાત્મક બદલાવ આવ્યો છે તેને પણ ધ્યાનમાં લેવો જોઈએ. આજે સોશિયલ મીડિયા આપણે એક આઝાદી આપી છે. સમાચાર સાચા છે કે ખોટા તેની તમે ઝડપથી ખરાઈ કરી શકો છો. સોશિયલ મીડિયા આવ્યા પછી પત્રકારોની રોજગારીમાં પણ નવીનતા આવી છે. પહેલા પત્રકારોને માત્ર સમાચારો પૂરતા મર્યાદિત રાખતું હતું. જ્યારે અત્યારે પત્રકારો માટે નવા નવા હોદ્દા પણ ઉભા થયા છે.

વાર્તાલાપમાં સ્વાગત પ્રવચન પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોના અપર મહાનિદેશક શ્રી આર. પી. સરોજે કર્યુ હતુ તેમજ આભારવિધી પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોના નાયબ નિયામક શ્રી નવલસંગ પરમારે કરી હતી. કાર્યકર્મનુ સંચાલન દેવેન્દ્ર ત્રિવેદીએ કર્યુ હતુ. કાર્યકર્મમાં દમણના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુંટનાં ગુન્હામાં પકડવાનાં બાકી આરોપીને ઝડપી લેતી ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ



ભાવનગર,

ભાવનગર જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી પી.એલ.માલ સાહેબે ભાવનગર,લોકલ ક્રાઇમ બ્રાન્ચનાં પોલીસ ઇન્સ. ડી.એમ.મિશ્રા તથા એન.જી.જાડેજા પો.સબ ઇન્સ. તથા એલ.સી.બી. સ્ટાફનાં માણસોને નાસતાં-ફરતાં આરોપીઓને શોધી પકડી પાડવાની સુચના આપેલ.

જે સુચના મુજબ ભાવનગર,એલ.સી.બી. સ્ટાસફનાં માણસો આજરોજ ગારીયાધાર શહેર વિસ્તારમાં નાસતાં ફરતાં આરોપીઓની તપાસ અંગે પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન ગારીયાધાર, નવાગામ રોડ ઉપર આવતાં હેડ કોન્સ. પૃથ્વીરાજસિંહ બી.ગોહિલ તથા પો.કો. જીતેન્દ્રસિંહ ગોહિલને બાતમીરાહે હકિકત મળેલ કે, અમરેલી જીલ્લાનાં દામનગર પો.સ્ટે." ગુ.ર.નં.૦૨/૧૮ ઇ.પી.કો.કલમઃ-૩૯૪ મુજબનાં ગુન્હાનાં કામે નાસતો ફરતો આરોપી કેશુભાઇ જુઠાભાઇ દે.પુ. રહે.બેલા રોડ,મફતપરા,ગારીયાધારવાળો ગારીયાધાર,આઇ.ટી.આઇ. પાસે,નવાગામ રોડ, પેટ્રોલપંપ ની સામે સફેદ શર્ટ તથા પેન્ટ પહેરેલ છે.તેણે માથામાં મફલર બાંધી ઉભો છે. જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ આવતાં આરોપી કેશુભાઇ જુઠાભાઇ વાઘેલા ઉ.વ.૫૫ રહે.બેલા રોડ,મફતપરા,ગારીયાધારવાળો હાજર મળી આવેલ.જેથી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી તેને ગારીયાધાર પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવેલ.

આ બનાવ અંગે અમરેલી જિલ્લાનાં દામનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ થયેલ હોય.જેથી નાસતાં-ફરતાં આરોપીને દામનગર પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

આમ, લુંટનાં ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપીને ઝડપી લેવામાં ભાવનગર,લોકલ ક્રાઇમ બ્રાન્ચ ટીમને સફળતા મળેલ છે.

આ સમગ્ર કામગીરીમાં એલ.સી.બી.નાં પો.ઇન્સ. ડી.એમ.મિશ્રા તથા એન.જી.જાડેજા પો.સબ ઇન્સ., એલ.સી.બી. ,ભાવનગર તથા એલ.સી.બી. સ્ટાફનાં પૃથ્વીરાજસિંહ ગોહિલ, જીતેન્દ્રસિંહ ઝાલા, ભયપાલસિંહ ચુડાસમા તથા ડ્રાયવર મહેશભાઇ ભેડા વિગેરે સ્ટાફનાં માણસો જોડાયા હતાં.

# રાજય સરકારના લોકાભિમુખ વહિવટના અભિગમને સાર્થક કરતાં બોટાદ જિલ્લા કલેકટરશ્રી સુજીત કુમાર

## નાગરીકો સાથે સીધો સંવાદ સાધી શકાય તેવા ઉમદા હેતુથી હરીપર ગામે રાત્રીસભા - મુકામનો કાર્યક્રમ યોજતા જિલ્લા કલેકટરશ્રી

બોટાદ :

ગુજરાત સરકારના લોકાભિમુખ વહિવટના અભિગમને સાર્થક કરવા તથા છેવાડાના ગામોના નાગરીકો સાથે સીધો સંવાદ સાધી શકાય તે માટેના ઉમદા હેતુથી બોટાદ જિલ્લા કલેકટરશ્રી સુજીત કુમારે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના હરીપર ગામે રાત્રીસભા - મુકામનો કાર્યક્રમ યોજયો હતો.

ગઢડા તાલુકાના હરીપર પ્રાથમિક શાળા ખાતે રાત્રીના ૮-૦૦ કલાકે યોજાયેલ આ રાત્રી સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિથત રહેલા ગ્રામજનો સાથે સીધો સંવાદ કરતા જિલ્લા કલેકટરશ્રીએ ગ્રામ વિકાસ માટેની ગ્રામજનોની રજુઆતો સાંભળી ઉપસ્થિમત અધિકારીશ્રીઓને ગ્રામજનોની રજુઆતનું સ્થેળ ઉપર જ નિકાલ થાય તે માટે હકારાત્મકતા સાથે કાર્ય કરવા સૂચના આપી હતી.

તેમણે આ તકે મા અમૃતમ - મા વાત્સલ્ય કાર્ડ, આયુષમાન ભારત યોજના જેવી રાજ્ય - કેન્દ્રણ સરકારની વિવિધ યોજનાઓથી ગ્રામજનોને માહિતગાર કરી આવી લોક કલ્યા ણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા કલેકટરશ્રીએ હરીપર ગામે તાજેતરમાં જ મંજુર થયેલ શાળા સંકુલના કાર્યમાં આગવો રસ દાખવી ખૂબ જ ટુંકા સમયમાં આ શાળા સંકુલની જમીન મંજુર કરતાં ગ્રામજનોમાં હર્ષની લાગણી વ્યા પી હતી.

આ પ્રસંગે ગઢડાના મામલતદારશ્રી બી. જી. મકવાણાએ રાજ્ય સરકારની વિવિધ યોજના જેવી કે, નિરાધાર વૃધ્ધ સહાય અને વિધવા સહાયનો લાભ લેવા, મહેસૂલી કામગીરી અંતર્ગત વારસાઈ નોંધ અચૂક દાખલ કરાવવા તથા હાલમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા ઝુંબેશનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ રાત્રી સભામાં જિલ્લાની આરોગ્યહની ટીમ દ્વારા સપ્તુધારા કાર્યક્રમ અંતર્ગત વ્યસસન મુક્તિ, રસીકરણ બાબતે લોક જાગૃતિ આવે તે હેતુથી કઠપુતળી તથા નાટકના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.





આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના અધિકારી - કર્મચારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિકત રહયાં હતા.

# ક્રૂડની સતત ઉંચી કિંમત વચ્ચે રૂપિયો ૭૫ની સપાટીએ જશે

મુંબઈ, તા. ૭

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા અપનાવામાં આવેલા આશ્ચર્યજનક વલણના પરિણામ સ્વરુપે આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં રૂપિયો ડોલર સામે ૭૫ની સપાટી સુધી પહોંચી શકે છે. એકબાજુ અમેરિકામાં વ્યાજદર વધી રહ્યા છે. બીજી બાજુ ક્રૂડ ઓઇલની કિંમત સતત વધી રહી છે. આરબીઆઈએ પણ વ્યાજદર યથાવત રાખ્યા છે જેથી ભારતીય રૂપિયા ઉપર આગામી સપ્તાહમાં વધારે દબાણ આવી શકે છે. ઈક્વિટી સેગ્મેન્ટમાંથી ફોરેન ફંડના જારી રહેલા પૈસા ઉપાડવાના પ્રવાહ છતાં વૈશ્વિક માર્કેટમાં ઉથલપાથલની અસર રૂપિયા ઉપર જોવા મળશે જેથી રૂપિયો ૭૫ની નીચી સપાટી સુધી પહોંચી શકે છે. આરબીઆઈ દ્વારા દરમિયાનગીરીની માંગણી કરવામાં આવી રહી છે. જો કે, આરબીઆઈએ વ્યાજદર યથાવત રાખીને તમામને ચોંકાવી દીધા છે. આરબીઆઈએ શુક્રવારના દિવસે અર્થશાસ્ત્રીઓની ગણતરીની બિલકુલ વિરુદ્ધમાં વ્યાજદરમાં કોઇ વધારો કર્યો ન હતો. તટસ્થ વલણ જાળવી રાખવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં રૂપિયા ઉપર દબાણ આવશે. શુક્રવારના દિવસે બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિબેરલ ૮૪ ડોલર સુધી રહી હતી. આરબીઆઈએ બજારને નિરાશ કરી દીધા છે. ક્રૂડ ઓઇલની કિંમત અવિરત વધી રહી છે. ડોલર ઈન્ડેક્સમાં મજબૂતી આવી રહી છે. શોર્ટ ટર્મ રેંજ ૭૩.૨૦થી લઇને ૭૪.૮૦ વચ્ચે રહી શકે છે. મૂડીરોકાણની દ્રષ્ટિએ વિદેશી મૂડીરોકાણકારોએ છેલ્લા સપ્તાહમાં ૯૫૨૨.૪૪ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. પાંચમી ઓકટોબરના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન જંગી નાણાં પાછા ખેંચવામાં આવ્યા હતા. રૂપિયા ઉપર સ્થાનિક અને સાથે સાથે બહારી પરિબળોની અસર જોવા મળી રહી છે. કેટલાક નિષ્ણાતો એમ પણ માની રહ્યા છે કે, રૂપિયો ૭૫ની નીચી સપાટીએ જશે.

### પરપ્રાંતિયો પર હુમલા સંદર્ભે આક્ષેપબાજીનો દોર

# પરપ્રાંતિયો ઉપર હુમલાને ભાજપ જોરદાર વખોડે છે

## ઠાકોર સમુદાયના લોકો પર તીવ્ર હિંસા કરવાના આક્ષેપને અલ્પેશે રદિયો આપ્યો : નીતિન પટેલના પણ પરોક્ષ પ્રહાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૭

પરપ્રાંતિયો ઉપર થઇ રહેલા હુમલાઓને લઇને આક્ષેપબાજીનો દોર પણ શરૂ થઇ ગયો છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, પરપ્રાંતિયો પર હુમલા માટે કોણ જવાબદાર છે તે તમામ લોકો જાણે છે. પરપ્રાંતિયો પર થઇ રહેલા હુમલાના સંદર્ભમાં હવે કોંગ્રેસી નેતા અલ્પેશ ઠાકોરે તેમના સમુદાય પર થઇ રહેલા આક્ષેપોને રદિયો આપ્યો છે. ઠાકોર સમુદાય ઉપર હિંસા કરવાના આરોપોને ફગાવતા કોંગ્રેસી નેતા અલ્પેશે કહ્યું છે કે, આ પ્રકારના આક્ષેપો આધારવગરના છે. સાથે સાથે કમનસીબ પણ છે. આ કમનસીબ બાબત છે કે, અમારા ઉપર આક્ષેપ થઇ રહ્યા છે. અમે ક્યારે પણ હિંસાની વકાલત કરતા નથી. અમે હંમેશા શાંતિની વાત કરીએ છે. તમામ ભારતીય ગુજરાતમાં બિલકુલ સુરક્ષિત છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપબાજીનો દોર શરૂ થયો છે. પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ આઇ.કે. જાડેજાની રાજકોટમાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. જેમાં તેણે અલ્પેશ ઠોકરના ઉપવાસ પર જણાવ્યું હતું કે, આ કોંગ્રેસ પ્રેરિત ઉપવાસ આંદોલન છે. એક ઉપવાસ હમણાં જ પૂરા થયા ત્યાં બીજા શરૂ થશે. પરપ્રાંતીય પર હુમલાઓ થયા છે અને અત્યાચાર ગુજારવામાં આવ્યો છે તેવી વાતને ભાજપ વખોડે છે. પરપ્રાંતીયો પર થયેલા હુમલાને લઇને અને અલ્પેશ ઠાકોરના ઉપવાસને લઇને યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પરપ્રાંતીયો મુદ્દે કેટલાક લોકો વિડંબણા ઉભી કરે છે. પરપ્રાંતીયો પર જ્યાં જ્યાં હુમલાઓ થયા છે અને અત્યાચાર ગુજારવામાં આવ્યો છે તેવી વાતને ભાજપ વખોડે છે.

ગુજરાતના હિતમાં સૌએ શાંતિ રાખવી જોઇએ. કોંગ્રેસે આ પ્રકારની ઘટનાની નિંદા નથી કરી. ગુજરાતમાં શાંતિ રાખવા કોંગ્રેસ ઇચ્છતી જ નથી.



નવરાત્રિ પહેલા ખેલૈયાઓ અંતિમ તૈયારીમાં વ્યસ્ત બની ચુક્યા છે.

### અમદાવાદના વિવિધ વિસ્તારમાં પણ પગલાઓ

# ઈન્ડસ્ટ્રીયલ યુનિટો ઉપર સઘન સુરક્ષા : પેટ્રોલિંગનો દોર જારી

## ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા ખાતે શ્રેણીબદ્ધ ઈન્ડસ્ટ્રીયલ યુનિટોમાં કામ ઠપ : વિવિધ પગલા

(સંપૂર્ણ સમાચાર સેવા)

પાલનપુર, તા. ૭

પરપ્રાંતિય લોકો ઉપર હુમલાના બનાવ બાદ એક બાજુ વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. બીજી બાજુ સાવચેતીના પગલારુપે ઔદ્યોગિક એકમોને મજબૂત સુરક્ષા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણામાં ૧૦૦થી વધુ ઈન્ડસ્ટ્રીય યુનિટોને વધારાની સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સાથે સાથે તમામ જગ્યાઓએ પેટ્રોલિંગની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. બિનગુજરાતી મજુરો ઉપર હુમલાઓને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સાબરકાંઠા સિરામીક ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખ મણિભાઈ પટેલના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને મળ્યા બાદ સુરક્ષા મજબૂત કરી દેવામાં આવી છે. બીજી બાજુ ૧૭થી વધુ સિરામીક મેન્યુફેક્ચરિંગ યુનિટો જે સાબરકાંઠામાં છે ત્યાં પણ સુરક્ષા મજબૂત કરવામાં આવી રહી છે. જો કે, મોટાભાગના યુનિટોમાં છેલ્લા પાંચ-છ દિવસથી પ્રોડક્શન ઉપર માઠી અસર થઇ છે. કારણ કે દહેશતમાં રહેલા મજુરો પૈકી ઘણા મજુરો હિજરત કરી ગયા છે જ્યારે મોટી સંખ્યામાં મજુરો ફરજ પર પહોંચી રહ્યા નથી. આશરે ૫થી ૬ યુનિટોને સંપૂર્ણપણે બંધ રાખવામાં આવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, અરવલ્લી અને મહેસાણા ઉપરાંત અમદાવાદ શહેરના નરોડા, નારોલ, વટવા જીઆઈડીસી, વિરાટનગર, કુબેરનગર, બાપુનગર સહિતના વિસ્તારોમાં આવેલા એકમોમાં ફરજ બજાવતા પરપ્રાંતિય લોકો પણ દહેશતમાં મુકાયેલા છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાંથી મોટી સંખ્યામાં વર્કરો પર ઠાકોર સમુદાયના લોકો દ્વારા હુમલા કરવામાં આવ્યા છે. હિંમતનગર નજીક ૧૪ માસની બાળકી પર રેપની ઘટના બાદ તેના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. આ સંદર્ભમાં બિહારના ૨૦ વર્ષીય શખ્સની ધરપકડ કરવામાં આવી છે. ઉપરાંત સિરામિક યુનિટમાં મોટાભાગે પરપ્રાંતિય લોકો કામ કરી રહ્યા છે. સિરામિક ઉદ્યોગ સાથે જોડાયેલા જાણકાર લોકોનું કહેવું છે કે, વર્કરોની અછત હવે જોવા મળી રહી છે. પ્રોડક્શન ઉપર માઠી અસર થઇ રહી છે. ભયભીત થયેલા વર્કરોમાં વિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે છતાં વિશ્વાસ સંપૂર્ણપણે સ્થાપિત થયો નથી. મોટી સંખ્યામાં મજુરો તેમના વતનમાં પણ જતાં રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે`, ઉત્તર ગુજરાતમાં સેંકડોની સંખ્યા વર્કરો જે કેમિકલ અને ફર્ટિલાઇઝર યુનિટોમાં નોકરી કરી રહ્યા છે તે લોકો હિજડરત કરી ચુક્યા છે અને ઘણા લોકો હજરત કરવાની તૈયારીમાં છે. સાબરકાંઠા જિલ્લામાં સિરામિક ઉદ્યોગમાં કામ કરતા ૩૦૦૦૦ વર્કરો પૈકી ૩૦ ટકાથી વધુ વર્કરો પરપ્રાંતિય હોવાની વિગત પહેલાથી જ સપાટી ઉપર આવી ચુકી છે. પાટણમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય લોકો રહે છે. અહીં મિરાગેટ વિસ્તારમાં સઘન સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે. હુમલાઓના બનાવ બન્યા બાદ સુરક્ષા વધારી દેવામાં આવી છે. બીજી બાજુ અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં મોટી સંખ્યામાં પરપ્રાંતિય લોકોને આશ્રય સ્થાનમાં રાખવામાં આવ્યા છે. પરપ્રાંતિયોમાં સુરક્ષા વધારવા પોલીસ ટીમ સક્રિય થઇ ગઇ છે. સાઇબર સેલ પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. હિંસા ફેલાવવા માટે અનેકની ધરપકડ કરાઈ છે. અમદાવાદ શહેરમાં પણ કેટલાકની અટકાયત કરાઈ છે. સાબરમતી વિસ્તાર, સરદારનગર વિસ્તારમાં હિંસાના બનાવો બની ચુક્યા છે. વસ્ત્રાલ, વટવા, સરખેજ, સાંતોજ, નારોડા, ઓઢવ, મહેસાણામાં છેલ્લા કેટલાક દિવસથી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં પરપ્રાંતિય મજુરો હુમલાના શિકાર થઇ ચુક્યા છે.

### હાર્દિક પટેલ અને લાલજી પટેલ પણ જોડાયા

# પાલનપુરથી ઉંઝા ઉમિયાધામ સુધી પાટીદારની યાત્રા યોજાઈ

## હજારોની સંખ્યામાં પાટીદાર લોકો સામેલ થયા : અહેવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

પાલનપુર,તા.૭

પાલનપુરથી મહેસાણાના ઉંઝા ઉમિયાધામ સુધી પાટીદારોની આજે સદભાવના યાત્રા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ યાત્રામાં પાસના નેતા હાર્દિક પટેલ અને લાલજી પટેલ પણ જોડાયા હતા. સદ્ભાવના યાત્રા પહેલા વિવિધ વિષય પર ચર્ચા વિચારણા પણ કરવામાં આવી હતી. આમા ૧૨ હજારથી વધુ પાટીદારો જોડાયા હોવાના અહેવાલ મળ્યા છે. બનાસકાંઠાના વડામથક પાલનપુરથી મહેસાણાના ઊંઝા ઊમિયાધામ સુધી પાટીદારોની સદભાવના યાત્રા રવાના થઈ હતી. આ યાત્રામાં પાસ કન્વીનર હાર્દિક પટેલ અને એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલ જોડાયા હતા. પાલનપુરના લક્ષ્મીપુરા ખાતે આવેલી સમૂહલગ્નની વાડી ખાતેથી પાટીદાર સમાજ દ્વારા ખેડૂતોનું દેવું માફ કરો, પાટીદાર સમાજને ન્યાય આપોની માંગ સાથે પાલનપુરથી ઊંઝા ઉમિયા માતાના ધામ સુધી સદ્ધાવના મહારેલી યોજાઇ રહી છે. પાસ એસપીજી સહિતના સંગઠન સિવાય પાલનપુરથી હજારો પાટીદારો સાથે નીકળેલી મહારેલીને લઇ પાલનપુરથી ઊંઝાનો માર્ગ જય સરદાર જય પાટીદારના નાદ ગુંજ્યો હતો. પાટીદારોએ ૯ સપ્ટેમ્બરે પાટણના ખોડિયાર મંદિરથી ઊંઝા ઉમિયા માતા મંદિર સુધી ૩૧ કિલોમીટર લાંબી સદભાવના પદયાત્રા કરી હતી. આ સમયે પાસ કન્વીનર હાર્દિક પટેલ આમરણાંત ઉપવાસ પર હતો અને તેના સમર્થનમાં પદયાત્રા યોજાઈ હતી. પદયાત્રામાં કોંગ્રેસના ધારાસભ્યો કિરીટ પટેલ અને લલિત વસોયા હાજર રહ્યા હતા.

# ચેલેન્જર

**મુંબઈ આવૃત્તિ**

તા.૦૮-૧૦-૨૦૧૮, સોમવાર

**મુંબઈ બ્યુરો ઓફિસ**

બ્યુરો ચીફ : જુગલ એન. જોષી, 8766421545

૨૦૪, બીજો માળ, પંચજન્ય કો.ઓ.સોસાયટી, વાઘલે સ્ટેટ, થાણા(વેસ્ટ) - ૪૦૦૬૦૪


### મોંઘવારી વચ્ચે લોકોની પરેશાની અકબંધ રહી

# પેટ્રોલ-ડીઝલની કિંમતમાં સતત બીજા દિવસે વધારો

## વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો જારી રહેતા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા ફરીવખત ભાવ વધારો ઝીંકાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા. ૭

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત બીજા દિવસે વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આજે રવિવારના દિવસે પણ વધારો ઝીંકી દીધો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં રૂપિયા-ડોલરના રેટ અને વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતના આધાર પર ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા દરરોજના આધાર પર નિર્ણય લેવામાં આવે છે. પેટ્રોલિયમ પેદાશોની કિંમત દરેક શહેરમાં જુદી જુદી રહે છે. કારણ કે, લોકલ ટેક્સ અને પરિવહન ખર્ચના આધાર પર એક પંપથી લઈને બીજા પંપ ઉપર તથા એક શહેરથી લઈને બીજા શહેરમાં જુદા જુદા ભાવ રહે છે. દિલ્હીમાં પેટ્રોલિયમ પેદાશોની કિંમત મેટ્રો શહેરોમાં સૌથી સસ્તી છે. કારણ કે, અહીં ટેક્સ ખુબ નીચા રહેલા છે. સરકારે ગઈકાલે જ એવી ખાતરી આપી હતી કે તે કિંમતોને કાબૂમાં લેવા માટે તમામ પગલા લઈ રહી છે. તેલ કિંમતોને અંકુશમુક્ત કરવાના સંદર્ભમાં કોઈ નવા નિર્ણય લેવા સરકાર જઈ રહી નથી. ગુરુવારના દિવસે ૧૨ રાજ્યોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે ચોથી ઓક્ટોબરના દિવસે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ ઘટાડો કર્યો હતો. ભારત દ્વારા તેની ક્રૂડ ઓઈલ પૈકીની ૮૦ ટકાની આયાત કરે છે. હાલમાં ક્રૂડની કિંમત વધતા અને ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થતાં કંપનીઓ માટે ક્રૂડની આયાત મોંઘી થઈ છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાના કારણે તમામ રાજ્યો પર દબાણ આવી રહ્યુ હતું. મોદી સરકારથી મધ્યમ વર્ગ નાખુશ દેખાઈ રહ્યા હતા. અર્થશાસ્ત્રીઓ અને ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓ પણ માની રહ્યા હતા કે, આ વધતા જતા ભાવના કારણે મોદી સરકારને લોકસભાની ચૂંટણીમાં મોટી કિંમત ચુકવવી પડી શકે છે. કારણ કે મોટા ભાગની જીવન જરૂરી ચીજોની કિંમતમાં હાલમાં વધારો થયો છે. આનાકારણે તમામ લોકોના બજેટ બગડી ગયા છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં અવિરત વધારો જારી રહેલાત સરકાર પણ ચિંતાતુર છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૨.૫૦ રૂપિયાનો ઘટાડો કરવાની નાણામંત્રી અરુણ જેટલીએ ચોથી ઓક્ટોબરના દિવસે જાહેરાત કર્યા બાદ તરત જ ભાજપ શાસિત રાજ્યોમાં પેટ્રોલ ડીઝલની કિંમતમાં તેમના દ્વારા પણ ઘટાડાની શરૂઆત કરી દેવામાં આવી હતી. નાણામંત્રી અરુણ જેટલીએ રાજ્ય સરકારોને પણ પેટ્રોલ ડીઝલની કિંમતમાં ઘટાડો કરવા માટે કહ્યું હતું. નાણામંત્રીએ રાજ્યોને પણ આટલી જ કિંમતમાં ઘટાડો કરવા અપીલ કર્યા બાદ ભાજપ શાસિત રાજ્યોમાં તાત્કાલિક ઘટાડાનો દોર શરૂ થયો હતો. બજાર અને કરન્સી બજારમાં ઉથલપાથલ ચાલી રહી છે. કેટલાક પગલા પહેલાથી જ લેવામાં આવી ચુક્યા છે. પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતોથી ચિંતાતુર બનેલી સરકારે અર્થવ્યવસ્થા પર પડનાર પ્રતિકુળ અસરને રોકવા માટે વિચારણા હાથ ધરી હતી.

### ટીસીએસની માર્કેટ મૂડી ૩૧૧૬૪.૬ કરોડ ઘટી

# માર્કેટ મૂડીમાં તીવ્ર ઘટાડો છતાં ટીસીએસ પ્રથમ ક્રમે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૭

શેરબજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ટોચની ૧૦ કંપનીઓ પૈકીની તમામ કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. છેલ્લા સપ્તાહમાં તેમની માર્કેટ મૂડીમાં સંયુક્તરીતે ૨૫૫૯૯૫ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડીમાં સૌથી વધુ ઘટાડો નોંધાઈ ગયો છે. ઈક્વિટી માર્કેટમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. ટોચની ૧૦ કંપનીઓ પૈકીની આરઆઈએલની માર્કેટ મૂડીમાં ૧૩૨૦૬૧.૪ કરોડ રૂપિયાનો ઘટાડો થતાં તેની માર્કેટ મૂડી ૬૬૫૪૪૧.૧૬ કરોડ થઈ ગઈ છે. બીજી બાજુ ટીસીએસની માર્કેટ મૂડીમાં ૩૧૧૬૪.૬ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ૮૦૫૧૮૭.૬૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ટીસીએસની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હોવા છતાં માર્કેટ મૂડીની દ્રષ્ટિએ તે પ્રથમ ક્રમાંક ઉપર અકબંધ છે. આઈટીસીની માર્કેટ મૂડી પણ આ ગાળા દરમિયાન ૨૩૯૩૨.૯૪ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૩૩૯૨૮૪.૬૭ કરોડ થઈ ગઈ છે. કોટક મહિન્દ્રા અને મારુતિ સુઝુકીની માર્કેટ મૂડી ક્રમશઃ ૧૭૦૯૧.૭૨ કરોડ અને ૧૩૮૨૧.૬૭ કરોડનો ઘટાડો થયો છે. આ બંનેની માર્કેટ મૂડી ઉલ્લેખનીયરીતે નીચે પહોંચી ગઈ છે. એચડીએફસી, હિન્દુસ્તાન યુનિલીવરની માર્કેટ મૂડી પણ ક્રમશઃ ૧૧૬૨૯.૫૧ કરોડ અને ૧૦૪૩૩.૬૧ કરોડ રૂપિયા સુધી ઘટી ગઈ છે.

ટોપ ટેન કંપનીઓની વાત કરવામાં આવે તો ટીસીએસ પ્રમત ક્રમાંક ઉપર અકબંધ છે જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી બીજા ક્રમાંક પર અકબંધ છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લા સપ્તાહમાં કારોબારના છેલ્લા દિવસે મુંબઈ સ્ટોક એક્સચેંજના ૩૦ શેર સેંસેક્સમાં ૭૯૨ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. આની સાથે જ સેંસેક્સ ૨.૨૫ ટકા અથવા તો ૭૯૨ પોઈન્ટ ઘટીને ૩૪૩૭૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં નિફ્ટી ૨૮૩ પોઈન્ટ ઘટીને અથવા તો ૨.૬૭ ટકા ઘટીને ૧૦૩૧૬ની સપાટીએ રહ્યો હતો. દલાલ સ્ટ્રીટ જુદા જુદા પરિબળોના કારણે હચમચી ઉઠતા કોર્પોરેટ જગતમાં પણ તેની ચર્ચા જોવા મળી હતી. શુક્રવાર પહેલા ગુરૂવારના દિવસે સેંસેક્સમાં ૮૦૬ પોઈન્ટનો રેકોર્ડ કડાકો બોલી ગયો હતો. જેથી તેની સપાટી ૩૫૧૬૯ રહી હતી. નિફ્ટી ૨૫૯ પોઈન્ટ ઘટીને ૧૦૫૯૯ની નીચી સપાટી પર રહ્યો હતો. શેરબજારમાં બુધવાર અને ગુરુવારના દિવસે મળીને બે દિવસના ગાળામાં ૧૩૫૭ પોઈન્ટનો ઉલ્લેખનીય ઘટાડો થઈ ચુક્યો છે. આજે તેમાં વધુ ૭૯૨ પોઈન્ટનો ઘટાડો થયો હતો. છેલ્લા સપ્તાહમાં ત્રણ દિવસના ગાળામાં જ ૨૧૪૯ પોઈન્ટનો ઘટાડો થયો હતો. ઈરાન ઉપર અમેરિકાએ પ્રતિબંધ મુક્યા બાદ ક્રૂડની કિંમતના ભાવ ઝડપથી વધી રહ્યા છે.

### આરબીઆઈના વલણથી માર્કેટમાં નિરાશા ફેલાઈ

# ક્રૂડની સતત ઉંચી કિંમત વચ્ચે રૂપિયો ૭૫ની સપાટીએ જશે

## ડોલર સામે રૂપિયો અવિરત ઘટતા વિદેશી મૂડીરોકાણકારો દ્વારા નાણાં પાછા ખેંચાયા : વૈશ્વિક ઉથલપાથલ કારણરૂપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા. ૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અપનાવામાં આવેલા આશ્ચર્યજનક વલણના પરિણામ સ્વરુપે આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં રૂપિયો ડોલર સામે ૭૫ની સપાટી સુધી પહોંચી શકે છે. એકબાજુ અમેરિકામાં વ્યાજદર વધી રહ્યા છે. બીજી બાજુ ક્રૂડ ઓઈલની કિંમત સતત વધી રહી છે. આરબીઆઈએ પણ વ્યાજદર યથાવત રાખ્યા છે જેથી ભારતીય રૂપિયા ઉપર આગામી સપ્તાહમાં વધારે દબાણ આવી શકે છે. ઈક્વિટી સેગ્મેન્ટમાંથી ફોરેન ફંડના જારી રહેલા પૈસા ઉપાડવાના પ્રવાહ છતાં વૈશ્વિક માર્કેટમાં ઉથલપાથલની અસર રૂપિયા ઉપર જોવા મળશે જેથી રૂપિયો ૭૫ની નીચી સપાટી સુધી પહોંચી શકે છે. આરબીઆઈ દ્વારા દરમિયાનગીરીની માંગણી કરવામાં આવી રહી છે. જો કે, આરબીઆઈએ વ્યાજદર યથાવત રાખીનો તમામનો ચોંકાવી દીધા છે. આરબીઆઈએ શુક્રવારના દિવસો અર્થશાસ્ત્રીઓની ગણતરીની બિલકુલ વિરુદ્ધમાં વ્યાજદરમાં કોઈ વધારો કર્યો ન હતો. તટસ્થ વલણ જાળવી રાખવામાં આવ્યું હતું. આવી સ્થિતિમાં રૂપિયા ઉપર દબાણ આવશે. શુક્રવારના દિવસો બ્રેન્ટ ક્રૂડની કિંમત પ્રતિબેરલ ૮૪ ડોલર સુધી રહી હતી. આરબીઆઈએ બાજારનો નિરાશ કરી દીધા છે. ક્રૂડ ઓઈલની કિંમત અવિરત વધી રહી છે. ડોલર ઈન્ડેક્સમાં મજબૂતી આવી રહી છે. શોર્ટ ટર્મ રેંજ ૭૩.૨૦થી લઈનો ૭૪.૮૦ વચ્ચે રહી શકે છે. મૂડીરોકાણની દ્રષ્ટિએ વિદેશી મૂડીરોકાણકારોએ છેલ્લા સપ્તાહમાં ૯૫૨૨.૪૪ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. પાંચમી ઓક્ટોબરના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન જંગી નાણાં પાછા ખેંચવામાં આવ્યા હતા. રૂપિયા ઉપર સ્થાનિક અને સાથે સાથે બહારી પરિબળોની અસર જોવા મળી રહી છે. કેટલાક નિષ્ણાતો એમ પણ માની રહ્યા છે કે, રૂપિયો ૭૫ની નીચી સપાટીએ જશે.

### ગોપાલાનંદના આશીર્વાદ ગુજરાત પર રહેશે

# સંતશિરોમણી ગોપાલાનંદને ભાવાંજલિ આપવામાં આવી

## આપણે એક તપસ્વી ગુમાવી દીધા છે : રૂપાણીની પ્રતિક્રિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૭

સૌરાષ્ટ્રના સૌથી મોટી વયના સંત અને સંત શિરોમણી, ક્રાંતિકારી વિચારક, મહંત, કન્યા કેળવણી અને ધર્મની સાથે સમાજ સેવાના ઉદ્ધારક એવા જૂનાગઢ જિલ્લાના મહંત શ્રી ગોપાલાનંદ બાપુ તાજેતરમાં બ્રહ્મલીન થતાં, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે બિલખા સ્થિત તેમના આશ્રમમાં શ્રી ગોપાલાનંદ બાપુને ભાવાંજલિ આપી હતી. તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરતા મુખ્યમંત્રીએ શ્રદ્ધાંજલિ સભામાં જણાવ્યું હતું કે, આપણે એક ક્રાંતિકારી અને તપસ્વી સંત ગુમાવ્યા છે. બ્રહ્મલીન સંત શ્રી ગોપાલાનંદ બાપુએ આખી જિંદગી માનવ સેવા એ જ પ્રભુ સેવાનો જીવન મંત્ર અપનાવી સેવાની ધૂણી ધખાવી હતી મુખ્યમંત્રીએ સમગ્ર ગુજરાતની જનતા વતી શ્રી ગોપાલાનંદ બાપુને શ્રદ્ધાંજલિ આપી કહ્યું કે, તપસ્વી સંતનું જીવન આપણા સૌના માટે પથદર્શક છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, ગિરનાર વિસ્તારમાં વિકાસના કાર્યો હોય કે સમગ્ર સમાજ-કલ્યાણ, લોકકલ્યાણની વાત હોય ગોપાલાનંદ બાપુએ તેમના વિચાર મુકીને આપણને સૌને પ્રેરિત કર્યા છે. ધર્મની રક્ષા, માનવતાના મૂલ્યો, શિક્ષણ અને ધર્મનીતિનું માર્ગદર્શન આપણને તેમની પાસેથી મળ્યું છે તેમ પણ કહ્યું હતું. શિવરાત્રીના દિવસોમાં તેમના આશીર્વાદ લેવાનો અવસર પ્રાપ્ત થયો હતો. તે અંગે ધન્યતા અનુભવી મુખ્યમંત્રીએ કહ્યુ કે, ગુજરાત તેમના આશીર્વાદથી આગળ વધતું રહેશે. બિલખા સ્થિત શ્રદ્ધાંજલી સભામાં મહંતશ્રી મુક્તાનંદ બાપુ, સતાધારના લઘુમહંત શ્રી વિજય બાપુ, પરબના કરસનદાસ બાપુ, કનકેશ્વરીદેવી, શ્રી શેરનાથ બાપુ, શ્રી રામકૃષ્ણનંદ, પાળિયાદના નિર્મળા બા, ચલૈયાધામના રામરૂપદાસજી, શીતલદાસ બાપુ, બિલખા, ચાપરડા અને જૂનાગઢના વિવિધ આશ્રમના સંતો-મહંતો, અગ્રણીઓ, ભાવિકો મોટી



નવરાત્રિ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે માતાજી મંદિરની આરતી માટે ઈલેક્ટ્રોનિક્સ ઢોલ બનાવવાની પ્રક્રિયા ચરમસીમા ઉપર છે.



વિજયા દશમી આડે હજુ ઘણો સમય રહ્યો છે ત્યારે સંઘ દ્વારા આની તૈયારી શરૂ કરવામાં આવી છે. રવિવારે કાળુપુરથી સંઘ દ્વારા યાત્રા યોજવામાં આવી હતી. ખાડિયા સુધી આ યાત્રા યોજાઈ હતી.

### નક્સલવાદી પ્રભુત્વ ઘટીને ૧૫ જિલ્લાઓ સુધી

# નક્સલવાદનો ટૂંક સમયમાં જ સફાયો કરાશે : રાજનાથ

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા. ૭

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કેન્દ્રીય દળોના પરાક્રમની પ્રશંસા કરતા કહ્યું હતું કે, હવે ટૂંક સમયમાં જ દેશમાંથી નક્સલવાદ અને માઓવાદીનો સફાયો થઈ જશે. રાજનાથસિંહે કહ્યું હતું કે, પહેલા દેશના ૧૨૬ જિલ્લાઓમાં નક્સલવાદી ગતિવિધિ ચાલી રહી હતી. હવે આ સંખ્યા ઘટીને ૧૨થી ૧૫ જેટલી રહી ગઈ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે, સુરક્ષા દળોની સામે નક્સલવાદીઓ દમ તોડી રહ્યા છે. ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌના બીજનોર સ્થિત શિબિરમાં આરએએફની ૨૬મી સ્થાપના દિવસના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ સીઆરપીએફ અને આરએએફના પરાક્રમના કારણે દેશભરમાંથી નક્સલવાદ અને માઓવાદીઓનો સંપૂર્ણપણે સફાયો થઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ કેન્દ્રીય દળોએ બીજા રાજ્યોની પોલીસની સાથે મળીને ભારતીય પ્રજાના મનમાં વિશ્વાસ સ્થાપિત કરવામાં સફળતા મેળવી છે. જ્યાં નક્સલવાદી ગતિવિધિ હતી અને વિકાસની કામગીરી પહોંચી ન હતી ત્યાં આ સુરક્ષા દળોએ નક્સલવાદીઓના મજબૂત ગઢને નષ્ટ કરી દીધા છે અને વિકાસ કામગીરી હાથ ધરી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, પહેલા શહીદ જવાનોના પરિવારને ૪૫ લાખ રૂપિયા મળતા હતા પરંતુ અમારી સરકાર આવ્યા બાદ ખાતરી કરવામાં આવી રહી છે કે તેમને એક કરોડ રૂપિયાની રકમ આપવામાં આવે. જો કે, તેમણે કબૂલાત કરી હતી કે, જીવનની કિંમત જેટલી રકમ ક્યારે પણ વળતરની હોઈ શકે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, આસામમાં એનઆરસીને લઈને આંદોલન થઈ રહ્યું હતું ત્યારે ત્યાં સીઆરપીએફને બોલાવવાની માંગ કરવામાં આવી હતી. કેરળમાં પુરના સમયે પણ સીઆરપીએફને બોલાવવાની માંગ ઉઠી હતી.

### મહિલા પોલીસની અલગ અલગ સ્કવોડની રચના

# મહિલા પોલીસ સાદા ડ્રેસમાં ગરબામાં બાજ નજર રાખશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૭

નવરાત્રિના પર્વ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કોઈપણ અનિચ્છનીય બનાવનો ટાળવા અને યુવતીઓની સુરક્ષા માટે પોલીસ દ્વારા કમર કસી લેવામાં આવી છે. નવરાત્રિ દરમ્યાન રાસ-ગરબાની રમઝટ માણવા જનાર યુવતીઓ અને મહિલાઓની રક્ષા માટે શહેર પોલીસ તંત્ર દ્વારા ખાસ કરીને અલગ-અલગ મહિલા સ્કવોડની રચના કરવામાં આવી છે. નવરાત્રિ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં અને સ્થળોએ મહિલા પોલીસ સાદા ડ્રેસમાં લુખા અને અસામાજિક તત્વો પર ચાંપતી નજર રાખશે અને યુવતીઓ કે મહિલાઓની છેડતી કરનાર કે તેમની જાતીય સતામણી કરનાર તત્વોને ઝબ્બે કરશે. બીજીબાજુ, યુવતીઓ અને મહિલાઓને પણ આવા તત્વોથી સાવધ રહેવા અને તકેદારી રાખવા ખાસ તાકીદ કરાઈ છે. નવરાત્રિ દરમ્યાન યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે શહેર પોલીસ દ્વારા ખાસ કરીને મહિલા પોલીસ વિભાગ દ્વારા અલગ તૈયારીઓ અને આયોજન કરવામાં આવ્યા છે. જેમાં મહિલા પોલીસની અલગ-અલગ સ્કવોડની રચના કરવામાં આવી છે. આ સ્કવોડની મહિલા પોલીસ સાદા ડ્રેસમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અને એસજી હાઈવે પરના પાર્ટી પ્લોટો, ફાર્મ હાઉસ સહિતના સ્થળોએ અચાનક વીઝીટ લઈ સુરક્ષાની પરિસ્થિતિની સમીક્ષા કરશે અને નવરાત્રિમાં ચાલી રહેલા રાસ-ગરબા દરમ્યાન ગુપ્ત રીતે અસમાજિક તત્વો પર ચાંપતી નજર રાખશે. એટલું જ નહી, યુવતીઓ કે મહિલાઓની છેડતી કે જાતીય સતામણી કરનાર આવા અસામાજિક તત્વોને મહિલા પોલીસની સ્કવોડ ઘટનાસ્થળે જ ઉઠાવશે અને તેની વિરૂધ્ધ કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરશે. પોલીસના કહેવા મુજબ શકય હોય ત્યાં સુધી યુવતીઓ અને મહિલાઓએ શહેરના મુખ્ય માર્ગોનો જ ગરબાના સ્થળોએ જવા કે ત્યાંથી ઘેર પરત ફરતી વખતે ઉપયોગ કરવો. વળી, યુવતીઓ અને મહિલાઓએ જે કોઈ ગરબાના સ્થળે રાસ-ગરબા રમવા જાય તો પોતાના ઘેર અને પરિવારજનોને જાણ કરીને જાય કે જેથી કોઈ આકસ્મિક સંજોગો કે ઘટના વખતે તેમનો તાત્કાલિક સંપર્ક કરી શકાય.

**યુવતીઓ અને મહિલાઓને મુખ્ય માર્ગોનો ઉપયોગ કરવા સૂચન : ગરબાના સ્થળ અંગે ઘરે જાણ કરવા માટે સૂચના**


Printed Published & owned by GOHIL PRATAPBHAI KESHUBHAI, Published at 53 Suvidha Shopping Center, Bhairavpara, Paleces Road, Palitana - 364270.
And Printed at Patel Offset, 115, Royal Complex, Hazur Payga Road, Bhavnagar Editor - GOHIL PRATAPBHAI